આકરૂન્દના પ્રા.શિક્ષકનો કોરોના કાળમાં અનોખો યજ્ઞ

'શાળાઓ બંધ, શિક્ષણ નહીં', ૩૬૫ બાળવાર્તા, વિશેષ વ્યક્તિ પરીચયનું સર્જન કર્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

ધનસુરા તાલુકાના આકરૂન્દના વતની અને દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ઉંમરીયા પ્રા.શાળામાં ફરજ બજાવતા પ્રા.શિક્ષક વિજય કેશવલાલ શાહની આ વાત છે. ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ભાષા શિક્ષક તરીકે ફરજ બજાવતા કર્મયોગી પ્રા.શિક્ષકે શિક્ષણની સાથે અન્ય વિષયમાં પણ ઓજસ પાથરીને અરવલ્લીના આકરૂન્દનું ગૌરવ સમગ્ર રાજયમાં વધાર્યું છે. ગત માર્ચ-૨૦૨૦ થી કોરોનાનું સંક્રમણ શરૂ થયું. જેના કારણે શૈક્ષણિક કાર્ય શાળાઓમાં બંધ હતું. શાળાઓ બંધ પરંતુ શિક્ષણ નહીં એ વિચાર સાથે આકરૂન્દના વતની પ્રા.શિક્ષકે ૩ લક્ષ્યાંક મનોમન નક્કી કર્યાં જેમાં લક્ષ્યાંકનું નામ "મિશન-૩૬૫" આપવામાં આવ્યું અને આ તમામ ૩ લક્ષ્યાંક પૂર્ણ કરી રાજ્યના અનેક પ્રતિભાશાળી શિક્ષકોની હરોળમાં આગવું સ્થાન હાંસલ કર્યું છે.

એક સામાન્ય પરિવારના બાળકે આકરૂન્દમાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. સમિતિ આવક છતાં ગ્રેજ્યુએટ થયો. બેરોજગાર હતો ત્યારે જ્યાં પણ નોકરી મળી ત્યાં નોકરી કરી અને પછી રાજયની ભાજપ સરકાર દ્વારા પારદર્શક ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ જેમાં નસીબ અજમાવ્યું અને દાહોદ જિલ્લાની ઉંમરીયા પ્રા.શાળામાં ભાષા શિક્ષક તરીકે નિયુક્ત થયા. પ્રથમથી જ વિદ્યાર્થીઓ પ્રત્યે રૂચિ અને કંઈક નવું કરવાની ખેવના રહેતી. ચીનના વુહાન શહેરમાંથી કોરોનાનું સંક્રમણ સમગ્ર વિશ્વમાં ફેલાયું. ભારત સહિત ગુજરાત અને તેના તમામ જિલ્લા કોરોનાથી સંક્રમિત થયા છેવટે ગત માર્ચ મહિનામાં શૈક્ષણિક સંકુલો કોરોનાના કારણે શિક્ષણ કાર્ય માટે બંધ કર્યા. ત્યારે આકરૂન્દના કર્મયોગી શિક્ષકે શાળાઓ બંધ છે પરંતુ શિક્ષણ નહીં. એ ઉદ્દેશ્ય સાથે મિશન-૩૬૫ના અમલ માટે તૈયારી શરૂ કરી જેમાં તેને ૩ લક્ષ્યાંક નક્કી કર્યા. જેમાં ૩૬૫ બાળવાર્તાઓનું નિર્માણ કરીશ, ૩૬૫ દિન વિશેષ વ્યક્તિ પરિચય આપીશ અને છેલ્લે ૩૬૫ કવિતાઓ અને ૭૮૬ હાઈકુની રચના કરીશ. આ તમામ કાર્યો પ્રા.શિક્ષક વિજય શાહે તા.૧૨ ફેબ્રુઆરી-૨૦૨૧ ના રોજ પુરા કર્યા છે અને તા.૩૧ માર્ચ-૨૦૨૧ ના રોજ બીજું લક્ષ્યાંક ૩૬૫ દિન વિશેષ વ્યક્તિ પરિચય પૂર્ણ કરીને શિક્ષણ જગતમાં ગામ સહિત શાળાનું નામ ગૌરવવંતુ કરીશ. ૩૧ માર્ચના રોજ તેમને આનંદીબાઈ જોષીની જન્મ જયંતિને વિશેષ વ્યક્તિ તરીકે આલેખન કર્યું હતું. ધન્ય છે આકરૂન્દ ગામની ધરતીને, ધન્ય છે શાહ પરિવારને.

દેશના શ્રેષ્ઠ પુંસરી ગામની પીડીતાની વ્યથા : મારા ઉપર બળાત્કાર ગુજારનાર પોલીસ કર્મીની 'સગાઈ રોકો'

પરણિતાને લગ્નની લાલચ આપી પોલીસ કર્મી સતત ૧૦ વર્ષ સુધી પીંખતો રહ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

સાબરકાંઠાનું પુંસરી ગામ દેશ અને દુનિયામાં મોડેલ ગામ તરીકે વખણાઈ રહ્યું છે ત્યારે શ્રેષ્ઠ પુંસરી

ગામની એક પીડીતાની વ્યથા સામે આવી છે. તલોદ તાલુકાના પુંસરીની પરણિતાને લગ્નની લાલચ આપી વડોદરા શહેરના ફતેહગંજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મીએ રાકેશ નટુભાઈ વાઘેલાએ અનેક ગેસ્ટહાઉસમાં લઈ જઈ પીંખતો રહ્યો અને તરછોડી દીધી ત્યારબાદ બાયડ તાલુકાના કાવઠ ગામની અને યુવતી સાથે તેની સગાઈ થવાની છે અને પોતાને તરછોડી દીધી છે તેમ જણાતાં પરણિતાએ તલોદ પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ આચર્યાની ફરિયાદ ૧ વર્ષ અગાઉ નોંધાવી હતી. આગામી તા.૫ એપ્રિલે પરણિતાને પીંખી નાખનાર પોલીસ કર્મીની ચાંદલા વિધિ થવાની છે ત્યારે આ મામલો વધુ ગરમાયો છે. ભોગ બનનાર પરણિતાએ જણાવ્યું છે કે મારી જીંદગી બરબાદ કરનારને દાખલારૂપ સજા નહીં થાય ત્યાં સુધી હું ઝંપીને બેસવાની નથી.

છેલ્લા કેટલાક સમયથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના પોલીસ કર્મીઓ ઉપર દુષ્કર્મ, છેડતી, દારૂની તસ્કરી સહિતના ગંભીર આરોપ લાગતાં પ્રજાને હવે ન્યાય મેળવવા ક્યાં જવું..?? તેવી વિમાસણ ઉભી થઈ છે. તા.૧ એપ્રિલના રોજ તલોદ તાલુકાના પુંસરીની ૩૦ વર્ષિય પરણિતા ગાંધીનગર સમાચારની બાયડ ઓફીસ ખાતે આવ્યા છે. અસહ્ય ગરમીમાં પરસેવેથી રેબઝેબ હતી. પાણીના ૨-૪ ઘૂંટડા એક સાથે ભર્યા પછી પોતાની આખી આપવીતી જણાવી. હું પરણિત હતી પરંતુ મારા ઘરની બાજુમાં રહેતા રાકેશ વાઘેલાએ મને તેની મોહજાળમાં ફસાવી ત્યારબાદ બંન્નેની આંખો એકબીજામાં ભળી જતાં તેને મને લગ્ન કરવાની લાલચ આપી ત્યારબાદ મજરા, તલોદ, મોડાસા, ધનસુરા અને વડોદરા, હિંમતનગરના અલગ અલગ ગેસ્ટહાઉસમાં લઈ જઈ મારો ઉપભોગ કર્યો. લગ્નની વાત કરતી ત્યારે થોડાક જ સમયમાં હું તારી સાથે લગ્ન કરી આપણો સંસાર વસાવીશું તેવી હૈયાધારણા આપતો રહ્યો. ૧૦ વર્ષ સુધી મને તેને અનેકવાર પીંખી નાખી. ત્યારબાદ મારા ધ્યાનમાં આવ્યું કે હાલ વડોદરાના ફતેહગંજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા રાકેશ વાઘેલાએ તેની વાગદત્તા બાયડ તાલુકાના કાવઠ ગામમાં શોધી કાઢી. ત્યારબાદ પરણિતાએ પોલીસ કર્મી પ્રેમીને તેના સબંધ બાબતે વાત કરી તો તેને જણાવ્યું કે તારે જે થાય તે કરી હું તેની સાથે જ લગ્ન કરીશ. બેવફા બનેલા પ્રેમીને પાઠ ભણાવવા તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી. ફરિયાદ નોંધાવ્યા પછી આરોપીને આગોતરા જામીન પણ મળ્યા અને હવે સપ્તાહમાં જ તેની સગાઈ થવાની છે ત્યારે મને પીંખી નાખનારને યોગ્ય સજા થાય અને અન્ય કોઈ યુવતીની જીંદગી બરબાદ ન થાય તે માટે હું બધું કરી છૂટવા માટે તૈયાર હોવાનું આક્રોશ સાથે જણાવ્યું છે.

જો તેની ચાંદલા વિધિ થશે તો હું આત્મહત્યા કરી લઈશ

બાયડ : પુંસરીની પરણિતા ઉપર ગામના જ અને પોલીસ વિભાગમાં ફરજ બજાવતા રાકેશ વાઘેલાએ દુષ્કર્મ આચર્યાની ફરિયાદ ૧ વર્ષ અગાઉ નોંધાયેલી છે. હવે દુષ્કર્મના આરોપીની અન્ય જગ્યાએ સગાઈ થયા પછી પુંસરી ગામમાં સગાઓ આવીને ચાંદલા વિધિ કરવાના છે દુષ્કર્મનો ભોગ બનેલી પરણિતાએ લેખિત નિવેદનમાં જણાવ્યું કે જો તેની ચાંદલા વિધિ થશે તો એ દિવસે જ હું પુંસરી ગામમાં આત્મહત્યા કરી લઈશ. કાં તો તંત્ર તેની ચાંદલા વિધિ અટકાવે.

જન્મદિને વધામણી

ચિંતન સુરેશભાઈ દરજી
બાયડ (ડાભા)

ડા.અમૂલભાઈ વર્મા
(મેડીકલ ઓફીસર : ઈડર જનરલ હોસ્પિટલ)
ઈડર

અતુલભાઈ વિરમભાઈ પટેલ
ઋષિકુંજ સોસાયટી, બાયડ

જશુભાઈ નાથાભાઈ ચૌધરી
મું. હુંજ (ગાંભોઈ),
તા. હિંમતનગર.

ધનસુરામાં પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉનાળામાં પાણીની પરબ શરુ કરાઈ

ધનસુરા, તા. ૧

ધનસુરા માં પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉનાળા માં પાણી ની પરબ શરુ કરવામાં આવી હતી આ અગાઉ પ્રયાસ ગ્રુપ ધ્વારા ધનસુરા ના આસપાસ માં ૩૦૦ થી વધુ જગ્યા એ વોટર બાઉલ લગાવી ને ઉત્તમ કાર્ય કર્યું છે પ્રયાસ ટ્રસ્ટ ના પ્રમુખ આનંદ પટેલ ની દેખરેખ માં તેમની ટીમ રાજેશ વાઘેલા,જય જોશી, માનસી પટેલ, અંકિતા પ્રજાપતિ, જીગ્નેશ પ્રજાપતિ, જીતુ ચોપડા, ગીત વાઘેલા,સુનિતા ચોપડા ખૂબ મહેનત કરી હતી ઉલ્લેખનીય છે કે પ્રયાસ ટ્રસ્ટ ભૂતકાળ માં પણ કોરોના યોદ્ધા નું સન્માન, કોરોના માં રાસન કીટ નું વિતરણ, ગરીબ સ્કૂલ માં સ્વેટર નું વિતરણ અને ફુટપાટ પર સુતેલા અને ગરીબ લોકો ને ગરમ બ્લેકેટ નું વિતરણ કરે છે

રાજ્ય ફળ અને શાકભાજી પ્રોસેસિંગ અને માર્કેટીંગ ફેડરેશનની પ્રથમ સાધારણ સભા યોજાશે

આજે ગાંધીનગર સેક્ટર ૧૬ ખાતેના ખાંડ ભવનમાં મંત્રી ઈશ્વરસિંહ પટેલની અધ્યક્ષ સ્થાને યોજાશે...

ઈડર (બ્યુરો ઓફિસ) તા.૧

ગુજરાત રાજ્ય ફળ અને શાકભાજી પ્રોસેસિંગ અને માર્કેટીંગ ફેડરેશન ની પ્રથમ સાધારણ સભા રાજ્યના સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલ ની ઉપસ્થિતિ માં ગાંધીનગર ખાતે યોજાશે. વર્ષ ૨૦૨૨ સુધી માં ખેડૂતો ની આવક બમણી કરવા કેન્દ્ર અને રાજ્ય સરકારોએ જુદી જુદી યોજનાઓ અમલ માં મૂકી છે,જેમાં ખેડૂતો ને ખેતી લક્ષી શિક્ષણ આપવું,નવા સંશોધિત બિયારણો અને ખાતરો તથા ખેતી કાર્યમાં નવીનત્તમ ઓજારો નો ઉપયોગ વધારવો અને ખેડૂતો ને જૈવિક ખેતી માટે પ્રોત્સાહિત કરવા જેથી ખેતીમાં ખર્ચ ઘટાડી શકાય અને ખેતી ના તમામ ઉત્પાદનો ખેતર માંથી સીધાંજ ઉપભોક્તા બજાર સુધી લઈ જવા માટેની મારખાગત સુવિધાઓ માટે ખાનગી ,સરકારી અને સહકારી એકમોને પ્રોત્સાહિત કરવા જેથી ખેતપેદાશો ના સીધા વેચાણથી તેના મૂલ્યવર્ધિત ભાવ ખેડૂતોને આપી શકાય તેવા ઉમદા ઉદ્દેશ સાથે જિલ્લા અને તાલુકા કક્ષાએ ખેડૂતો સાથે સંઘો ની રચના કરી રાજ્યના ૧૯ જિલ્લા અને તાલુકાના સંઘો ધ્વરા સિંગલ પોઈન્ટ માર્કેટીંગ અને પ્રોસેસિંગ વ્યવસ્થા માટે ફેડરેશન ની માંગણી કરેલ ,જે રાજ્ય રજિસ્ટ્રાર ધ્વરા મંજૂરી આપતા તેની રચના માટે બીજી તારીખે ગાંધીનગર ના સેક્ટર ૧૬ ઘ ખાતેના ખાંડ ભવન ખાતે પ્રથમ વાર્ષિક સાધારણ સભા યોજાશે. ત્યારે આ રાજ્ય ફળ અને શાકભાજી સહકારી ફેડરેશન ના મુખ્ય પ્રયોજક અને ઈડર ફળ અને શાકભાજી સહકારી સંઘ ના ચેરમેન સતિષ પટેલ ના જણાવ્યા મુજબ રાજ્યના ૧૯ જિલ્લાઓ અને તેના તાલુકા સંઘો ના પ્રતિનિધિઓ ખેડૂતો ની આવક બમણી કરવાની સરકાર ની યોજના અંતર્ગત આ ફેડરેશન કાર્ય કરશે અને ખેડૂતો ને તેની ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહે જેથી ખેડૂતો ની આવક બમણી થાય તેવા ઉમદા આશય સાથે આ ફેડરેશન ની રચના કરવામા આવી છે.આ કાર્યક્રમ દીપસિંહ રાઠોડ સંસદ સભ્ય સાબરકાંઠા, પરબતભાઈ પટેલ સંસદ સભ્ય બનાસકાંઠા, રમણલાલ વોરા,પૂર્વ અધ્યક્ષ ગુજરાત વિધાનસભા,હિતુભાઈ કનોડિયા ધારાસભ્ય ઈડર,જે.ડી.પટેલ જિલ્લા ભાજપ અધ્યક્ષ, સાબરકાંઠા ,ડી.પી .દેસાઈ,રાજ્ય રાજીસ્ટ,આર.એસ.સોઢી મિલ્ક માર્કટિંગ ફેડરેશન,ગોવિંદભાઈ પરમાર વા.ચેરમેન ગુજકોમસોલ, ઉપસ્થિત રહેશે..

અરવલ્લી : રાજસ્થાન બોર્ડર પર આરોગ્ય વિભાગ ઉંઘતુ ઝડપાયું

સવારે RT-PCR તપાસ માટે કર્મીઓ ગેરહાજર, આખરે આરોગ્યતંત્ર પહોંચ્યું

મોડાસા, તા. ૧

સમગ્ર દેશમાં કરોનાનું સંક્રમણ જેટ ગતિએ વધી રહ્યું છે સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણી પછી ગુજરાતમાં કોરોનાનું વિકરાળ સ્વરૂપ જોવા મળી રહ્યું છે દરરોજ બે હજારથી વધુ કેસ સરકારી ચોપડે નોંધાઈ રહ્યા છે રાજ્ય સરકારે કોરોના સંક્રમણ અટકાવવા માટે ૧ એપ્રિલથી રાજ્યની તમામ આંતરરાજ્ય સરહદો પર ચેકપોસ્ટ ઉભી કરી અન્ય રાજ્યમાંથી પ્રવેશતા લોકો માટે ૭૨ કલાક પહેલા RT-PCR ટેસ્ટમાં નેગેટીવ હોય તો જ રાજ્યમાં પ્રવેશ મળશેની જાહેરાત કરવામાં આવી હતું ત્યારે અરવલ્લી જીલ્લાની જાણીતી આંતરાજ્ય ચેકપોસ્ટ રતનપુર ચેકપોસ્ટ સહીત અન્ય ચેકપોસ્ટ પર સવારે આરોગ્ય કર્મીઓ ૧૦ વાગ્યા સુંધી ન પહોંચતા આરોગ્ય તંત્રની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા હતા ચેકપોસ્ટ પર પોલીસકર્મીઓ વાહનચાલકો પાસે આરટીપીસીઆર રિપોર્ટ તપાસ કરવા મજબુર બન્યા હતા આ અંગે ઈલોક્ટ્રોનીક મીડિયામાં સમાચાર પ્રસિદ્ધ થતા ઉંઘતુ આરોગ્ય તંત્ર સફાળું જાગ્યું હતું અને ચેકપોસ્ટ પર આરોગ્યની ટીમ કામગીરીમાં જોતરાઈ હતી.

અરવલ્લી જીલ્લા આરોગ્યતંત્રની બેદરકારીના પગલે રાજસ્થાનમાંથી અનેક લોકો બે રોકટોક પ્રવેશી ચુક્યા હતા જીલ્લા આરોગ્ય તંત્ર કોરોના સંક્રમણ અટકાવવા કાગળ પર ઘોડા દોડાવ્યે રાખતું હોવાનું લોકો અહેસાસ કરી રહ્યા છે જીલ્લામાં કોરોના

સંક્રમણ અટકાવવા આરોગ્ય તંત્ર નિષ્ફળ રહ્યું હોય તેમ સતત કોરોના સંક્રમીત દર્દીઓ વધી રહ્યા છે અરવલ્લી જીલ્લાની તમામ આંતરરાજ્ય સરહદ પર પોલીસતંત્ર ખડેપગે જોવા મળ્યુ હતું અને રાજસ્થાનમાંથી પ્રવેશતા લોકો પાસે ૭૨ કલાક પહેલા કરાવેલ RT-PCR ટેસ્ટના રિપોર્ટની ચકાસણી કરી જે મુસાફરો પાસે RT-PCR નો રીપોર્ટ ન હોય તેમને પરત મોકલવામાં આવ્યા હતા ગુજરાત રાજ્ય સરકારના નિર્ણયથી અજાણ અનેક વાહનચાલકો અને મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા

ગુજરાત-રાજસ્થાન બોર્ડર પર RT-PCR રિપોર્ટ ફરજીયાત કરાયો છે. રાજસ્થાનથી ગુજરાતમાં આવતા મુસાફરોએ રિપોર્ટ આપવો પડશે. શામળાજીની રતનપુર બોર્ડર પાર ચેકપોઈન્ટ ઉભા કરાયા છે. આખરે પોલીસ જ RT-PCR રિપોર્ટની તપાસ શરુ કરી હતી. ૭૨ કલાકમાં કરાવેલ રિપોર્ટ નેગેટિવ હોય તો જ પ્રવેશ આપવામાં આવશે. અરવલ્લીની ૮ બોર્ડર પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત અને બોર્ડર વિસ્તારમાં પોલીસનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ છે. અરવલ્લીની રાજસ્થાન બોર્ડર પર આરોગ્ય વિભાગ ઉંઘતું રહ્યું હોય તેમ સવારે ૧૦ વાગ્યા સુધી એક પણ ચેકપોસ્ટ પર આરોગ્ય કર્મી ફરક્યો ન હતો RT-PCR રિપોર્ટ આજથી ફરજિયાત છતાં અમલ શરૂ કરવામાં વિલંબ થતા અનેક લોકો બેરોકટોક પ્રવેશી ચુક્યા હતા

રાજ્ય સરકારે કોરોનાથી સંક્રમિત સરકારી અધિકારી-કર્મચારીઓ માટે ૧૦ દિવસની રજાની જોગવાઈ કરી

પ્રા.શિક્ષકો સહિત અન્ય વિભાગના કર્મચારીઓએ અહેવાલને વધાવ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

રાજ્યમાં કોરોના બેકાબુ બન્યો છે ત્યારે પ્રા.શિક્ષકો સંક્રમિત થતા હોય ત્યારે હોમ ક્વોરન્ટાઈન દરમ્યાન ૧૦ થી ૧૪ દિવસની રજા આપવાનો નન્નો..તેવા અહેવાલ એકમાત્ર ગાંધીનગર સમાચારમાં ગત તા.૨૫ માર્ચના રોજ પ્રસિદ્ધ થયા હતા. રાજ્ય સરકારે અહેવાલની ગંભીરતાપૂર્વક નોંધ લઈ ગુજરાત સરકારના નાણાં વિભાગ દ્વારા તા.૧ એપ્રિલ-૨૦૨૧ થી કોવિડ-૧૯ થી સંક્રમિત કર્મચારીઓને ખાસ કિસ્સાઓમાં કેડીકલ રજાઓ મંજૂર કરવાનો વિભાગના સક્ષમ અધિકારીએ પરીપત્ર કરતાં રાજ્યના ૨ લાખથી વધુ પ્રા.શિક્ષકો સહિત અન્ય કર્મચારીઓમાં ખુશાલી છવાઈ છે.

કોરોનામાં ડાંકટરો તેમજ પેરામેડીકલ સ્ટાફની સાથે પ્રા.શિક્ષકો તેમજ અન્ય વિભાગના કર્મચારીઓ પણ પોતાના જીવની પરવા કર્યા વગર કામગીરી કરી છે. અનેક કર્મચારીઓ સંક્રમિત થયા પછી કેટલાક કર્મચારીઓના મોત પણ નિપજ્યા છે. ઉત્તર ગુજરાતમાં કોરોનાના સંક્રમણ પછી ૫ થી વધુ શિક્ષકોના મોત નિપજ્યા હતા તે પૈકી કેટલાક પ્રા.શિક્ષકોના પરિવારને કોવિડ-૧૯ ગાઈડલાઈન મુજબ મૃત્યુ સહાય મળવામાં વિલંબ થયાની પણ ચર્ચા છે. તાજેતરમાં જ પ્રા.શિક્ષકોને હળાહળ અન્યાય, શેરી શિક્ષણ અને શાળામાં પ્રત્યક્ષ શિક્ષણ આપતા સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના પ્રા.શિક્ષકો કોરોનાથી સંક્રમિત થાય તો હોમ ક્વોરન્ટાઈનની રજાઓ મળતી નથી..તેવા અહેવાલ એકમાત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા પછી રાજ્ય સરકારે અહેવાલની ગંભીરતાથી નોંધ લીધી અને આ અંગે સરકારી અધિકારી, કર્મચારી, ફિક્સ પગારના કર્મચારીઓ તથા તમામ કરાર આધારીત અધિકારી-કર્મચારીઓ કોરોના પોઝિટિવ આવે અને તે અંગેનું અધિકૃત મેડીકલ સર્ટીફીકેટ રજૂ કરે તો આવા કર્મચારીને ખાસ કિસ્સામાં ૧૦ દિવસની મેડીકલ રજા મંજુર કરવી. ૧૦ દિવસની રજા તેમના ખાતે જમા મેડીકલ રજાના હિસાબમાં ઉધારવાની રહેશે. જો કોઈ કિસ્સામાં કર્મચારીના રજા હિસાબમાં આ હેતુ માટે ૧૦ દિવસની મેડીકલ રજાઓ જમા ન હોય તો તે કિસ્સામાં પણ તેઓને ૧૦ દિવસ સુધીની ખૂટતી મેડીકલ રજા મળવાપાત્ર થશે. આ જોગવાઈ કેલેન્ડર વર્ષ-૨૦૨૦ તેમજ કેલેન્ડર વર્ષ-૨૦૨૧ માટે લાગુ પડશે તેમ પણ વિભાગ દ્વારા જણાવાયું છે.

ગાંધીનગર સમાચાર

હળાહળ અન્યાય : જિલ્લામાં કોરોનાગ્રસ્ત પ્રા.શિક્ષકને ક્વોરન્ટાઈનની રજા આપવાનો નન્નો

પ્રા.શિક્ષણ વિભાગ શિક્ષકો માટે સંવેદના બતાવે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

જિલ્લાની સરકારી પ્રા.શાળાના શિક્ષકો કોરોનાની મહામારી વચ્ચે શેરી શિક્ષણ અને શાળામાં વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ આપી રહ્યા છે. કેટલાક શિક્ષકો તેના કારણે કોરોનાથી સંક્રમિત થતાં હોસ્પિટલમાં કાં તો પોતાના ઘરે હોમ ક્વોરન્ટાઈન થયા છે. સરકારી સેવા દરમ્યાન કોરોના લાગુ પડતાં પ્રા.શિક્ષકોને ૧૪ દિવસ ક્વોરન્ટાઈનની રજા આપવી જોઈએ પરંતુ પ્રા.શિક્ષકોને હળાહળ અન્યાયની લાગણી પ્રવર્તિ રહી છે. પ્રા.શિક્ષણ વિભાગ કોરોનાથી સંક્રમિત થતા શિક્ષકો માટે સંવેદના દાખવે અને ૧૦ થી ૧૪ દિવસની રજા મંજૂર કરે તેવી લાગણી ઉત્તર ગુજરાતના ૩૬ હજાર પ્રા.શિક્ષકોમાં પ્રવર્તિ રહી છે. સરકારી મંત્રી મંડળના કોઈ મંત્રી કે સચિવાલયના અધિકારીને કોરોના થયો હોય તો તેમને બધા જ પ્રકારની છૂટ મળે છે તો પછી પ્રા.શિક્ષકો માટે કેમ બેવડાં વલણ..??

કોરોનાએ અતિ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. પ્રજા સાવધાની નહીં રાખે તો આવનારા દિવસોમાં કોરોનાના કારણે મૃત્યુ દરમાં ઉછાળો આવવાની દહેશત છે. પાછલા ૫ દિવસમાં જિલ્લાની સરકારી પ્રા.શાળા અને હાઈસ્કુલના ૧ હજારથી વધુ શિક્ષકો અને ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ કોરોનાથી સંક્રમિત થઈ સારવાર લઈ રહ્યા છે. વિદ્યાર્થી કોરોનાગ્રસ્ત થાય એટલે તેને પરીક્ષાથી મોટી હાજરીમાં લાભ મળતો હોય છે. ત્યારે પ્રા.શિક્ષકોને કોરોના થયો હોય તો તેમને ૧૦ થી ૧૪ દિવસ ક્વોરન્ટાઈન થવું પડે છે. કાં તો કોરોનાનો ચેપ વધુ પ્રસર્યો હોય તો હોસ્પિટલમાં દાખલ થવું પડતું હોય છે. સરકારી કામગીરી દરમ્યાન જ ચેપ લાગ્યો હોવા છતાં

વિભાગનો આ અંગે કોઈ પરીપત્ર નથી : અરવલ્લી ડી.પી.ઓ.

બાયડ : કોઈ સરકારી કર્મચારી કોરોનાથી સંક્રમિત થાય તો ૧૪ દિવસની રજાનો લાભ કેટલાક વિભાગોને મળતો હોય છે. પ્રા.શિક્ષક સરકારી સેવા દરમ્યાન કોરોનાથી સંક્રમિત થાય તો તેને હોમ ક્વોરન્ટાઈનના દિવસની રજાઓનો લાભ મળતો નથી. આ અંગે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સિમાબેન પટેલનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યું કે વિભાગનો આ અંગે કોઈ પરીપત્ર નથી અને પરીપત્ર થશે તો પ્રા.શિક્ષકોને તેનો અવશ્ય લાભ આપીશું.

જિલ્લા પંચાયત હસ્તકના પ્રા.શિક્ષકોને ૧૪ દિવસની રજાઓ મળતી નથી. અગાઉ કોરોના થયો ત્યારે રજાની જોગવાઈ હતી પરંતુ હવે તેનો લાભ આપવાનો સ્થાનિક તાલુકા કક્ષાના અધિકારીઓ નન્નો ભણી રહ્યા છે. ત્યારે કોરોનાગ્રસ્ત શિક્ષકોને અન્યાય ન થાય તે જોવા રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામક આ બાબતે ગંભીર બની કોરોનાગ્રસ્ત પ્રા.શિક્ષકોને હોમ ક્વોરન્ટાઈનની રજાનો લાભ મળે તે દીશામાં સત્વરે ઉત્તમ નિર્ણય લેવાય તેવું પ્રા.શિક્ષકો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર સમાચાર ઈમ્પેક્ટ..

પ્રાંતિજ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરના હોલમા વેક્સિનેશન કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તપોધન ફડી ખાતે આવેલ શ્રીકાશીવિશ્વનાથ મહાદેવ મંદિર ના હોલમા વેક્સિનેશન કાર્યક્રમ યોજાયો હતો જેમા ૧૦૦ જેટલા લોકોએ કોરોના સામે રક્ષણ મળે તે માટે રસી લીધી હતી.

પ્રાંતિજ ખાતે કાર્યરત પ્રાંતિજ અર્બન હેલ્થ સેન્ટર દ્વારા આજે પ્રાંતિજ તપોધન ફડી ખાતે રસીકરણ કાર્યક્રમ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા તપોધન ફડી ખાતે રહેતા રહીશો સહિત આજુબાજુમા રહેતા રહીશોએ કોરોનાની વેક્સિન નો પ્રથમ ડોઝ લીધો હતો તો કુલ-૧૦૦ જેટલા લોકોએ કોરોનાની રસી આપવામા આવી હતી તો અર્બન હેલ્થ ના તબીબી ડાં.પ્રકાશચંદ્ર જી.પટેલ, સી.એચ.ઓ અમિતાભાઈ, આર.જે.ઝાલા, વિપુલભાઈ પટેલ, કિષ્ણાબેન ભોઈ સહિત આશાવર્કર બહેનો ની પ્રશંસનીય કામગીરી જોવા મળી હતી તો તપોધન ફડી ખાતે રહેતા યુવાનો રવિભાઈ રાવલ, સુરેશભાઈ રાવલ, રાકેશભાઈ રાવલ, મિતેષભાઈ રાવલ, દર્શનભાઈ રાવલ, બિટટુભાઈ રાવલ સહિતની ટીમ દ્વારા શ્રીકાશીવિશ્વનાથ મહાદેવ મંદિર હોલ ખાતે સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ અને સરકારના વેક્સિનેશન કાર્યક્રમ મા જોડાઈને પોતે વેક્સિન લઈને સમાજ સેવાની સાથે દેશ સેવાના કાર્યક્રમમા જોડાયા હતા અને તપોધન ફડી ખાતે રહેતા રાવલ સમાજ તથા અન્ય સમાજ ના લોકો ને પણ ઘરે ઘરે જઈ ને સરકાર દ્વારા આપવામા આવતી આ કોરોનાની વેક્સિન લેવા સચોટ માર્ગદર્શન માહિતી આપી ને શ્રીકાશીવિશ્વનાથ મહાદેવ મંદિર ના હોલ ખાતે લાવ્યા હતા લોકોને રસી લેવા જાગૃત કર્યા હતા અને રસી અપાવી હતી તો સોશિયલ ડીસટન સાથે વેક્સિનેશન કાર્યક્રમ યોજાયો હતો.

ધનસુરા માર્કેટ ૩ તારીખે ચૂંટણીને પગલે બંધ

ધનસુરા, તા. ૧

ધનસુરા માર્કેટ ૩ તારીખે ચૂંટણી ને લઈ બંધ રહેશે ધનસુરા APMC ની ચૂંટણી યોજાવાની હોઈ મતદાન યોજાશે જેથી હરાજી તેમજ ઓફિસનું કામકાજ બંધ રહેશે જેથી ખેડૂતો માલ વેચવા ન આવે ત્યાર બાદ માર્કેટ રાબેતા મુજબ શરુ થશે ધનસુરા માર્કેટ ની વેપારી વિભાગ ની ૪ અને ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે ચૂંટણી યોજાશે.

અરવલ્લીએલ.સી.બી.એ જીવણપુર છારાનગરમાંથી બુટલેગરના ભોંયરામાંથી રૂ. ૯૧૫૦૦/- વિદેશી દારૂ ઝડપ્યો

વિદેશી દારૂ તથા બીયરની પેટીઓ તથા છુટક ટીન મળી કુલ નંગ-૩૩૬ કિ.રૂ.૯૧,૫૦૦/-નો મુદ્દામાલ કબજે કર્યો

બાયડ , હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૧

અરવલ્લી એલસીબી પોલીસે બાતમીના આધારે મોડાસાના જીવણપુર છારાનગરમાંથી બુટલેગરના ઘરેથી ભોયરામાં સંતાડી રાખેલ રૂપિયા ૯૧ હજારનો વિદેશી દારૂ ઝડપી પા